**જનસંપર્ક અધીકારી દ્વારા**
**પોલીસ કમિશનરશ્રીની કચેરી,**
**અમદાવાદ શહેર (P.R.O.)**
**ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩**
**કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,**
**૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦**

**તા.૨૬/૦૧/૨૦૨૫ રવિવાર**

## અમદાવાદ શહેર પોલીસ સમાચાર

**સી.આર.પી.સી.કલમ ૮૨ મુજબ**
**આરોપીને કોર્ટમાં હાજર થવાનુ ફરમાનઃ-** **સમાચાર યાદી નં.૧૨૧/૨૦૨૫**

ઈસનપુર પો.સ્ટે. ફ.ગુ.ર.નં.૦૮/૨૦૧૪ ઈપીકો કલમ ૩૦૬, ૫૦૭, ૧૧૪ મુજબ તથા સેશન્સ કેસ નં.૨૮૯/૨૦૧૬ મુજબના ગુનાના કામે આરોપી તાજગીબહેન ડૉ/ઓ નૈનેશભાઈ નારણભાઈ પટેલ (રહે. નાની ખડકી પટેલવાસ સ્વામિનારાયણ મંદિર પાસે ગામ બાકરોલ તા.દસક્રોઈ જી.અમદાવાદ) નાઓ ઉપરોક્ત ગુનાના કામે ફરિયાદનો જવાબ આપવા સારૂ નાસતા-ફરતા હોય નામદાર જજ શ્રી એસ.એલ.ઠક્કર સાહેબ, એડી. પ્રિન્સીપાલ જજ કોર્ટ નં.૦૨ સિટી સિવિલ અને સેશન્સ કોર્ટ, લાલ દરવાજા, ભદ્ર, અમદાવાદ શહેર સમક્ષ તા.૨૭/૦૧/૨૦૨૫ ના રોજ હાજર રહેવા ફરમાન કરવામાં આવે છે.

**નશાબંધી ધારા હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૧૨૨/૨૦૨૫**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૨૨ કેસ કરી, ૨૩ વ્યક્તિઓને ઝડપી, ૬૨ લીટર દેશી દારૂ, ૩૨૬ બોટલ ઈંગ્લીશ દારૂ, ૮ ક્વાર્ટર ઈંગ્લીશ દારૂ, ૨૪૦ બિયર ટીન અને ૨ સ્કુટર કબજે કર્યા હતા.

**તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૧૨૩/૨૦૨૫**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ બી.એન.એસ.એસ.૧૨૬,૧૨૮,૧૨૯,૧૭૦ મુજબ ૪૬ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી ૯૩ મુજબ ૩ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૧ વ્યક્તિની અટકાયત કરી હતી.

**ચોરીઃ-** **સમાચાર યાદી નં.૧૨૪/૨૦૨૫**

**સોલા હાઈકોર્ટઃ** ભાર્ગવભાઇ સ/ઓ ભરતભાઇ પઢીયાર (ઉ.વ ૨૭) (રહે. અનુપમ સોસાયટી દિપક હોટલની બાજુમા કાંટરોડ ડીસા તા.ડીસા જી-બનાસકાંઠા) એ સોલા હાઈકોર્ટ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે ભાર્ગવભાઈના મિત્રના લગ્ન હોય તા.૨૪/૦૧/૨૦૨૫ સાંજના ૬/૦૦ વાગે વતનથી લગ્નના સર-સામાન સાથે મિત્રની કારમાં અમદાવાદ બ્લોસમ પાર્ટી પ્લોટ ખાતે આવ્યા હતા, અને બ્લોસમ પાર્ટી પ્લોટ ન્યુ સાયન્સ સીટી રોડ ખાતે સામાન કારમાં જ રાખી પાર્ક કરી હતી. અને રાતના ૧૦/૦૦ વાગે લગ્નનો સામાન કારમાંથી લેવા જતા કારના દરવાજાનો કાચ તુટેલ હતો તેમજ કારની ડેકીમાંથી સાત ટ્રોલી બેગ અને સીટ નીચેથી લેડીઝ પર્સ જણાઈ આવેલ ન હતું. જે સાત બેગ તથા લેડીઝ પર્સ અજાણી વ્યક્તિ ચોરી કરી લઈ ગઈ હતી. જે સાત બેગમાં લગ્નપ્રસંગને લગતા કપડા કિમત રૂપિયા ૩૫,૦૦૦/- તેમજ લેડીઝ પર્સમાં સોનાની મગમાળા કિમત રૂપિયા ૩,૭૫,૦૦૦/-, સોનાની ચેઈન પેડલ સહીત કિમત રૂપિયા ૧,૭૫,૦૦૦/- તેમજ સોનાની વિંટી કિમત રૂપિયા ૧૫,૦૦૦/- મળી કુલ રૂપિયા ૬,૦૦,૦૦૦/- મતા હતી. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી પી.બી.મેસવાણીયા ચલાવે છે.

**આત્મહત્યાઃ–** **સમાચાર યાદી નં.૧૨૫/૨૦૨૫**

**સેટેલાઇટઃ** જયેશભાઇ નટવરભાઇ ગોહેલ (ઉ.વ.૬૪) (રહે. સોમેશ્વર એપાર્ટમેન્ટ અમી એપાર્ટમેન્ટ પાસે જોધપુર રોડ સેટેલાઇટ) એ બિમારીથી કંટાળી તા.૨૫/૦૧/૨૦૨૫ બપોરના ૩/૦૦ વાગ્યાના સુમારે પોતાના રહેણાંક્ના બગીચામાં ઝેરી પ્રવાહી પી લેતા તેમનું મૃત્યું નિપજયું હતું. આ અંગે સેટેલાઇટ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી અરવિંદભાઈ માધવજીભાઈ ચલાવે છે.

**ઇસનપુરઃ** આશાબહેન વા/ઓ પપ્પુભાઈ કુશ્વાહા (ઉ.વ.૬૫) (રહે. ૩૩ જીએફ/૦૧ શ્રીજી શેરી સરદાર ચોક પાસે વિરાટનગર ઇસનપુર) એ બિમારીથી કંટાળી તા.૨૫/૦૧/૨૦૨૫ બપોરના ૩/૦૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે છતમાં ઝુમ્મરના હુકમાં રસી બાંધી ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે ઇસનપુર પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી ઈશ્વરભાઈ ભુપતભાઇ ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી